સંસારને પાર કરાવનાર શ્રુતજ્ઞાન છે. આ આત્મા જ્યારે મુક્ત બની જાય છે, ત્યારે તે સુખી થઈ જાય છે. ત્રિપૃષ્ઠ વાસુદેવનો ક્રોધ પાતળો થતાં તે ભગવાન બની જાય છે અને વીર પ્રભુના કાનમાં જ્યારે ખીલા મારવામાં આવે છે, ત્યારે પ્રભુ વિચારે છે કે અજ્ઞાનથી કરેલું કર્મ જ્ઞાનથી ભોગવવાનું છે. અંધારામાં વાળેલી ગાંઠને પ્રકાશમાં છોડવાની છે.

શાસ્ત્રો સાક્ષી પૂરે છે કે પ્રેમથી પરમાત્માને જે પ્રણમે છે, પૂજે છે તે ખુદ પરમાત્મા બને છે.

આથી જ કહેવાનું કે—

ન ભયથી નમો, ન લોભથી નમો; નમો તો પ્રેમથી નમો.



સુંઘીને સારૂં અપનાવવું જોઈએ. મોટા માણસ સારી વાત રાખે ને ખરાબ ફેંકી દે.

ગણેશ મોટા ને વાહન નાનું ! ઉંદર નાનો છે. મોટા માણસનો સેક્રેટરી નાનો હોય, ચારે બાજુથી નાની નાની વાત પણ લઈ આવે. બીજું મોટા માણસે નાનામાં નાનાને સ્થાન આપવું, તેનું માન જાળવવું જોઈએ, તેમજ નાનામાં પણ સદ્ગુણો રહેલા છે, તે અપનાવવા જોઈએ.

સદ્ગુણનું પ્રતિક ગણેશ છે.



પ્રભુની પાસે તો માત્ર પ્રકાશની જ માંગણી કરીને આપણા માર્ગમાં આગળ વધ્યા જ કરવાનું છે. રાજ્ય છોડયા પછી એક દિવસ ભતૃહરિ ગોદડી સીવતાં હતા, ત્યારે સોય દોરામાંથી નીકળી ગઈ, ત્યારે રાત પડી ગઈ હતી, તેથી સોયમાં દોરો પરોવી ન શકયા. ત્યારે લક્ષ્મી દેવીએ રેશમી ગોદડી આપી, તો ભતૃહરિએ તે લેવાની ના પાડી, ત્યારે દેવીએ વરદાન માગવાનું કહ્યું. એટલે ભતૃહરિએ સોયમાં દોરો પરોવવાની માગણી કરી.

“જુઓ આ બાજુ, ઓ માલિક! આ શરીરને તેં જન્મ નથી આપ્યો. એની જનેતા તો હું છું.”

માલિકની બુદ્ધિએ શરીરને ખસેડીને અખાડામાં ધકેલ્યું.

ત્યાં આ બધાં જન્મ-તિતિક્ષી, નામો અને અમીરાત, ચાલી અને બુદ્ધિ-એક ખડખડાટ હાસ્યથી ચમકી ઊઠયા.

એ નવાગંતુકે પોતાનું હસતું મોં ફેરવીને કહ્યું: “લો, હું આ ચાલ્યો. તમે તમારે હવે ઝઘડે રાખો.”

એ ગયો અને માલિક ધબ દઈને ભોંય પર પછડાયો. તેનું લોહી થંભી ગયું અને આંખોના ડોળા બહાર નીકળી આવ્યા.

એ જનાર આત્મા હતો.

કેવી કરુણતા છે! જગતના માનવીઓ પોતાના પ્રાણાધારને વિસરી ન જાણે કેવી કેવી બડાઈ હાંકે છે!

આથી જ કહેવાનું કે– આત્મા ગયો તો બધું જ ગયું.





૫.૪ ☆ સંત સમાગમ

મનુષ્યનો સ્વભાવ પણ અનાદિકાળથી સંસારમાં લાગી ગયો છે; ઠંડીમાં જેટલી વાર ગરમ કપડાં પહેરશો, તેટલી જ વાર ઠંડી ઊડી જવાની. પણ જેવાં ગરમ કપડાં ઉતાર્યાં કે તરત જ ઠંડી લાગવાની. તેવી રીતે શ્રવણ કરતાં કે સ્વાધ્યાય કરતાં શુભ વિચાર આવે, પણ જ્યાં સંસારની પ્રવૃત્તિમાં પડયા કે શુભ વિચાર ચાલ્યા જવાના માટે જીવનની છેલ્લી ઘડી સુધી પ્રભુની વાણીને સાંભળવાની છે.

સરોવરને કિનારે ઉનાળામાં શીતળતા મળે છે, તેમ સંતના સાનિધ્યમાં શાંતિ ને સુખ શાશ્વત્ મળે છે.

કોઈ આપણને ગાળ દે તોપણ આપણે શાંત રહેવાનું છે, એટલે સામો માણસ થાકી જશે. એકવાર એક પ્રીસ્ટ (ધર્મગુરુ) ને થયું કે લોકો મને ચાહતા નથી અને આ સંસારી પેરિક્યુલસને કેમ ચાહે છે?

કારણ એ હતું કે પરિક્યુલસ પોતાના હૃદયના વિચારો લખતો અને તે લખાણો લોકોને ખૂબ જ ગમતાં. એક વાર પ્રીસ્ટ પેરિક્યુલસને ત્યાં લડવા ગયો.

પરંતુ માનવીનું મન ભાગ્યે જ આની શરમ અનુભવે છે. વાસના એક ખાજ છે. મન તેને પહેલાં કાળજીથી પંપાળે છે. એ પંપાળવું અને પછી તેથી ખણવું ગમે છે અને એ ખણે છે.

ખણે છે અને વાસના વધુ વકરે છે. મન દુઃખી દુઃખી થઈ જાય છે. છતાંય તે કાં પંપાળે છે, કાં તેને ખણે છે.

ખાજ મટાડવા ખણવું બંધ કરો.

વાસનાનું પણ તેવું જ છે. વાસનાને પંપાળો તો વધશે.

ન તેને પંપાળો, ન તેને ખણો.

વાસના પર વિજય મેળવવો હોય તો તેને ખણો નહિ, હણો.





૫૫ ☼ નિર્ભયતા

પોતાનું માંસ જગતમાં મોંઘામાં મોંઘી વસ્તુ છે અને પારકાનું માંસ જગતમાં સસ્તામાં સસ્તી વસ્તુ છે. જગતમાં આપણને પારકાના જીવનની કંઈ જ કિંમત નથી એટલે કે આપણને અહિંસાની કદી કિંમત સમજાઈ નથી. કોઈના જીવનના ભોગે આપણે જીવવું પડતું હોય તો તેના કરતાં મોત સારું. બીજાના પ્રાણ લેતાં આપણને બહુ જ દુઃખ થવું જોઈએ. આપણે ભય–વેરમાંથી મુક્ત થવાનું છે.

જે માણસ હિંસક છે, તેને જ ભય છે. અહિંસક તો નિર્ભય છે. માણસ નબળો નથી, તેની વૃત્તિઓ તેને નબળી બનાવે છે. દોષ હોય તો જ માણસ નબળો પડી જાય છે. દોષ વગરના બનો. ઇન્દ્રિયો પર કાબુ રાખો, તો તમે નિર્ભય બની જશો. પરના આત્માને તારા જેવો જ માનવાનો છે.



બીજાએ બુરું કર્યું હોય તેને યાદ ન કરો.

આત્માના અવાજને સાંભળવા તમે તમારા મનનો કાંટો કદી સ્વ-સ્વભાવના કેન્દ્ર (સેન્ટર) પર મૂકો છો ?

મનને આત્મામાં સ્થિર કરો, આત્માનું દિવ્ય સંગીત તમને સાંભળવા મળશે.

મનનો કાંટો જ્યાં સુધી આત્માના કેન્દ્ર પર બરાબર નહિ મૂકાય ત્યાં સુધી જીવનમાં વિષય અને કષાયનો ઘોંઘાટ જ સંભળાયા કરશે.

દેહ રેડિયો છે. ધ્યાન, યોગ, સમાધિ, સ્વાધ્યાય, વિષય અને કષાય તેનાં સેન્ટરો છે. મન કાંટો છે. આ કાંટો જ્યાં મૂકશો તેવો કાર્યક્રમ તે સેન્ટર પરથી રીલે થશે.

જીવન આખું ઝુમી ઊઠે એવો સંગીત કાર્યક્રમ સાંભળવો હોય તો મનના કાંટાને આત્માના કેન્દ્ર પર બરાબર મૂકો.





૫૭ ☆ સાધન અને સાધ્ય

જેને વિભૂતિ બનવું છે, તેને પહેલાં આત્માની અનુભૂતિ કરવી પડશે. જેનાથી શરીર ચાલે છે, તે આત્માનો જ વિચાર કરવાનો છે. જે આત્મ-તત્ત્વ છે, તેને મુક્ત કરવાનું છે; કારણ કે તે આત્મા કર્મના બંધનથી ચાર ગતિમાં ફરી રહ્યો છે, જન્મ, જરા, મરણના દુઃખમાં સબડી રહ્યો છે.

શરીરને જાળવનારો (આત્મા) છે, ત્યાં સુધી જ સ્નેહિઓ આપણને જાળવે છે. જે દેખાય છે, તેના નહીં પણ જે નથી દેખાતું, તેના જ સૌ મિત્ર છે. જગતમાં જે કેન્દ્રિત છે, તે દેખાતો નથી, અને જે શરીર દેખાય છે, તેને કેન્દ્રિત રાખનાર આત્મા જ છે.

શરીર એ તો આત્માનું મંદિર છે, માટે શરીરને સાધન માનવાનું છે, અને આત્માને સાધ્ય માનવાનો છે.

આત્માનો સ્વભાવ તો સદ્ગુણોનો છે, જ્યારે અઢારે દોષો તો શરીરના છે.

O



૪૩ ⁂ તાર

વીજળીનો તાંબાનો એક તાર ખુલ્લો પડ્યો છે. એવો જ બીજો એક તાર છે જેના પર રબ્બર ચઢાવેલું છે. જીવતા વીજળીના ખુલ્લા તારને અડકવાનું કોઈ સાહસ નથી કરતું. કારણ એ ખુલ્લા તારનો સ્પર્શ કરવામાં જીવનું જોખમ છે. તે તારથી Shock લાગે છે.

વીજળીનું કનેકશન ચાલુ હોય એવા એ જ તાર પર રબ્બર લગાડેલું હોય તો જરાય ગભરાટ વિના તેનો સ્પર્શ કરી શકાય છે. તેને હાથમાં પણ પકડી રાખી શકાય છે.

માનવીનું મન ખુલ્લું હોય તો તે અનેક પ્રકારના શૉક આપે છે. પરંતુ એ જ મન પર સત્સંગ ચઢેલો હોય તો તેનાં સંસર્ગમાં આવનાર હર કોઈ નિર્ભય રહી શકે છે.

માનવી જ્યારે વિનયી, વિવેકી અને વૈરાગી બને છે ત્યારે તેને સંસારના કોઈ શૉક નથી લાગતા.

સંસારના વિવિધ શૉકથી બચવું હોય તો મન પર વિવેક અને વૈરાગ્યનું રબ્બર ચઢાવી દો.




૫૯ ✲ વ્રતપાલન

વ્રત લો અને પછી અમલમાં ન મૂકો, તો તેની કોઈ કિંમત નથી. વ્રતો લેવામાં તગડા છીએ, અને પાળવામાં નબળા છીએ. એક વ્રત બરાબર પાળશો, તો બીજાં ઘણાં વ્રતો તેની પાછળ ખેંચાઈને આવશે.

એક ચોરે જૂઠું ન બોલવાનું વ્રત લીધું. ચોરી કરવા જતાં સિપાઈએ પૂછ્યું તો તેણે તેને સાચું કહ્યું. તેણે ચોરી કરી ને તે પકડાયો તો રાજાને તેણે બધું સત્ય કહ્યું. રાજાએ પૂછ્યું: "તું ચોર છે, તો ચોર તરીકે તું કેમ તારી જાતને ઓળખાવે છે?" ચોરે જવાબ આપ્યો: 'ચોરી કરવી એ મારો ધંધો છે અને જૂઠું ન બોલવાની બાધા છે." આ એક સાચા બોલવાનું વ્રત પાળવાથી રાજા તેને સેનાપતિપદે મૂકે છે. એક વ્રતનું પણ સાંગોપાંગ પાલન થાય તો જીવન ઉજ્જવળ બની જાય.

વ્રત લે, પણ ભાવના ન હોય તો વ્રત નકામું બની જાય છે. દિવાસળી સળગાવતાં આડે દિવાલ ન હોય તો પવનથી દિવાસળી ઓલવાઈ જાય છે. દિવાની આસપાસ ચીમની રાખવી પડે છે. ભાવના એ વ્રતોનો ચીમની છે.



૪૫ :: કેન્દ્ર

મશીનમાં ફ્લાય-વ્હીલનું ઘણું જ મહત્ત્વનું સ્થાન છે. આ વ્હીલ મશીનની તાકાતનો સંગ્રહ કરે છે. આ વ્હીલ બરાબર કેન્દ્રમાં રહે છે. કેન્દ્રથી ન તો તે બહાર રહે છે, ન અંદર.

મશીન પર બાહ્ય વજન આવી પડે છે ત્યારે મશીન આ ફ્લાય-વ્હીલની સંચિત શક્તિ લે છે. તેનાથી ઇલેક્ટ્રીક મોટર પર દબાણ નથી આવતું.

આ દેહ પણ એક જબરદસ્ત મશીન છે. આ દેહ ત્યાં સુધી જ બરાબર કામ આપે છે જ્યાં સુધી તેનામાં આત્મા હોય છે.

આજે તો માનવીની એવી અવદશા થઈ છે કે તે પોતાના આત્માના કેન્દ્રને છોડીને જીવી રહ્યો છે. પરિણામે તેની બધી જ શક્તિઓ વેડફાય છે.

માનવીનું ફ્લાય-વ્હીલ આત્મામાં કેન્દ્રસ્થ ન હોવાથી આ મશીન કોઈ જ નક્કર કામ નથી આપતું.

ભલા ભાઈ! મશીનમાંથી તારે ઊંચો માલ જોઈએ છે તો જરા તારું ફ્લાય-વ્હીલ બરાબર કેન્દ્રિત કર.

તન-મનને આત્મા સાથે જોડ અને પછી જો કે તારું મશીન તને કેવો ઊંચો માલ આપે છે!

બાળા મનોમન પશ્ચાત્તાપ કરે છે કે મેં કેવળીની આશાતના કરી! તેથી તેમણે મૃગાવતીની માફી માગી ને આપેલા સૌમ્ય ઠપકાને ભૂલ સમજીને પશ્ચાત્તાપનાં ખળખળ કરતાં નીર વહ્યાં ને ચંદનબાળાએ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

પશ્ચાત્તાપની પરાકાષ્ઠા પરમપદની પ્રાપ્તિ કરાવે છે. પ્રાયશ્ચિત કરી દૃઢ પ્રહારી જેવા ભયંકર ચોર તથા અર્જુન માળી જેવા નરાધમ રાક્ષસ જેવા પાપી આત્માએ પણ તે જ ભવમાં મુક્તિ પ્રાપ્ત કરી.

દર્શનથી શ્રદ્ધા, જ્ઞાનથી જાણીને ચારિત્રથી માણી. ચારિત્રમાં જે મેળવીએ તે સાથે આવે છે, જ્યારે સંસારમાં જે મેળવીએ તે કંઈ પણ સાથે આવતું નથી. ચારિત્ર એટલે સંસાર છોડવો એટલું જ નહીં પણ અશુભ ક્રિયાનો ત્યાગ, ને શુભ ક્રિયાનો રાગ કરવાનો છે. ચારિત્રમાં અર્થ ને કામની વાતોનો ત્યાગ કરવાનો છે. લગ્ન થાય ત્યારે વાસક્ષેપ જરૂર નાખવામાં આવે છે, પણ તે વાસક્ષેપમાં 'ધર્મ આપણા જીવનમાં ટકી રહે' તે આશા હોય છે.



૮૭ ❖ પંખો

પંખો ફુલસ્પીડમાં મૂક્યો છે, પણ હવા નથી આવતી. કેમ? તેનાં પાંખિયાં ઊંધાં ફીટ થયાં છે. ઊંધાં પાંખિયાના કારણે તેની હવા ઉપર ફેંકાય છે.

પંખાનું કામ હવા આપવાનું છે એ ખરું, પરંતુ તેના પાંખિયાં સીધાં હશે તો સીધી હવા આવશે. ઊંધાં હશે તો હવા ઊંધી વહી જશે. આમાં હવાનો કોઈ વાંક નથી. હવા તો છે ત્યાંની ત્યાં જ છે, પરંતુ પાંખિયાં સીધાં કે ઊંધાં હોવાથી હવાનો સાનુકૂળ અને પ્રતિકૂળ અનુભવ થાય છે.

માનવમનનું પણ એવું જ છે. મન કુ-વિચારો કરે છે તો તેને જિંદગીનો કડવો અનુભવ થાય છે. તે સંકુચિત વિચારો કરે તો દુનિયા તેને સ્વાર્થી અને ખરાબ જણાય છે.

એ જ માનવી સુ-વિચારો કરે છે તો જિંદગી તેને જીવવા જેવી લાગે છે. ઉદારતાથી વિચારે છે તો તેને ચારે બાજુ પ્રેમ, ઉદારતા અને મૈત્રી અનુભવવા મળે છે.

આથી હે ભાઈ! તું તારી ભાવનાઓ બદલ. શુભ ભાવના ભાવ. મંગળ કામના કર અને જિંદગીનો તને કોઈ ઓર જ અનુભવ થશે!



૬૨ ☼ ત્યાજ્ય જ્ઞાન

મરતી વખતે ઝવેરી કહી ગયો કે 'દીકરા, બને ત્યાં સુધી તું કોઈની સામે હાથ માંડતો નહીં, જ્યારે ખૂબ દુઃખ આવે, ત્યારે તિજોરીમાં પડેલા હીરાને વેચી નાખજે." દુઃખનાં આડ ઉગ્યાં પહેલા દિકરો પિતાના મિત્રને ત્યાં હીરા વેચવા ગયો, ત્યારે મિત્રે ના પાડી, અને થોડા પૈસા આપી ઘેર મોકલ્યો. પછી તે છોકરાને પોતાની દુકાને નોકરીમાં રાખ્યો અને તે ધંધામાં ખૂબ જ કુશળ થઈ ગયો. પછી તેણે હીરા વેચવાનો વિચાર આવતાં, તિજોરીમાંથી હીરા કાઢ્યા. હવે તે હીરા પારખવામાં કુશળ થઈ ગયો હતો, એટલે તેણે હીરા જોયા તો તે માત્ર કાચના કટકા હતા. ઈજ્જત સાચવવા માટે તેના પિતાએ આમ કર્યું હતું.

આમ આપણા ગુરુઓ શુદ્ધ-અશુદ્ધનો વિવેક આપે છે. સાચા-ખોટાને, છોડવા લાયક અને ગ્રહણ કરવા લાયક શું છે, તેનો ખ્યાલ આપે છે.

"છોડો તેના કરતાં છોડવા લાયકનું જ્ઞાન આપવું વધારે જરૂરી છે."



૪૯ ઃ પંકચર

સાયકલ ભલે નવલી સારી હોય, મોટર ભલે ફોરેનથી ઈમ્પોર્ટ કરી હોય, જહાજ ભલે રશિયા કે અમેરિકાએ ભેટ આપ્યું હોય, બસ ભલે માત્ર દેશના સાધનોથી બનાવી હોય પણ — સાયકલમાં પંકચર પડે, ટાયરમાંથી હવા નીકળી જાય, જહાજમાં કાણું પડે તો?

ન સાયકલ ચાલી શકે છે, ન બસ-મોટર દોડી શકે છે, ન જહાજ આગળ તરી શકે છે.

એક નાનું સરખું પંકચર કે કાણું આવા તોતીંગ સાધનોને પણ નાકામયાબ બનાવી દે છે.

તો શું જીવનમાં વિષય અને કષાયના કાણાં હોય તો એ શું નિર્ધારિત સ્થળે પહોંચી શકે ખરું?

જીવન નાજુક છે. ગમે તે પળે કામ, ક્રોધ વગેરેથી તેમાં પંકચર પડી જ જાય છે. પણ માનવીની આ તે કેવી મૂર્ખામી અને અજ્ઞાન? મોટરનાં પંકચરને તે તુરત સમારે છે અને અનેક પંકચરોથી, વિષય-કષાયથી કાણાં બનેલાં જીવનને તે સમારતો જ નથી!


જીવનને તેજ દોડાવવું હોય તો તેમાં ક્યાંય પંકચર ન પડે તે માટે સાવધ રહો.



૬૪ ☆ સમકિત દષ્ટિ

શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મને ભૂલી જઈએ અને આત્માને ભૂલી માત્ર જડનો વિચાર કરીએ તે મિથ્યાદષ્ટિ છે. મિથ્યાદષ્ટિની ધર્મ કરવાની વૃત્તિ માત્ર જડ પદાર્થ મેળવવા માટે જ છે. કેટલાક આત્માઓ સમકિત પામીને પાછું ગુમાવી દે છે અને જડ પદાર્થમાં પડી જાય છે સંધ્યા સમયે થોડું અજવાળું ને થોડું અંધારૂં હોય તેમ પહેલાં સમ્યક્ત્વ આવ્યા પછી મિથ્યાત્વ આવે તેની બરાબર છે. સમકિત જીવનમાં આવીને ચાલ્યું જાય છે. પુદ્‌ગલમાંથી પુદ્‌ગલની બુદ્ધિ જાય અને આત્માની બુદ્ધિ પ્રગટે અને ચૈતન્યનો પ્રકાશ પડે તેને ત્રીજું ગુણસ્થાન કહે છે. સમકિત આત્મા કદી દુઃખથી ગભરાતો નથી. જ્યારે દુઃખ પડે, ત્યારે મનમાં વિચારે છે કે મેં દુઃખનાં બીજ વાવ્યાં છે, તો દુઃખનાં ફળ હું ભોગવું છું. આવેલાં દુઃખ તે સમતાથી ભોગવે છે. આર્ત્તધ્યાનથી નવું દુઃખ ઊભું નથી કરતો.

સદ્‌ગુણો આવી જાય અને ઈલકાબો મળે તો વાંધો નથી, પણ સદ્‌ગુણો ન આવે અને ઈલકાબો મળે તો



૫૧ ✻ કાગળ

આપણે કાગળ લખીએ છીએ તો જેને કાગળ લખીએ છીએ તેનું નામ, સરનામું પૂરું અને બરાબર લખીએ છીએ.

પણ સરનામું ચોક્કસ લખવાથી પતી નથી જતું. યોગ્ય ટિકિટ પણ લગાડવી પડે છે અને તેને ટપાલપેટીમાં પણ નાંખવો પડે છે. તો જ એ પત્ર જેને લખાયો હોય છે તેને મળે છે.

જીવન પણ એક કાગળ છે. આ કાગળ પોસ્ટ કરવાનો છે. ક્યાં કરશો ? સંયમના ખોખામાં.

પણ તે પહેલાં મુક્તિનું સરનામું બરાબર લખવું પડશે. નહિ તો કર્મરામ ટપાલી એ કાગળ ક્યાંક ભળતે સ્થાને જ આપી દેશે.

જીવનના કાગળ પર બરાબર મુક્તિનું સરનામું લખો અને તેના પર ગુરુ રૂપી યોગ્ય ટિકિટ લગાડો. ગુરુની ટિકિટ તમારા જીવન કાગળ પર હશે તો તમારો કાગળ ગેરવલ્લે નહિ જાય તેની ખાતરી રાખજો.



૬૫. ☆ ખેતી

શરીર ટકે છે ખોરાકથી, તેમ આત્મા ટકે છે ધર્મથી. દુનિયામાં કરવા લાયક શું અને છોડવા લાયક શું છે તેનો ખ્યાલ ધર્મથી આવે છે. માનવીની ધરતી ખેડયા વગરની પડી રહી છે, તેમાં ધર્મરૂપી મોતીની ખેતી કરવાની છે. ચોમાસાની શરુઆતમાં ખેતી કરીએ તો ચોમાસું પૂરું થતાં આપણું મન લીલુંછમ ખેતર બની જશે. આપણા અંતરને ઉકરડો નહીં, પણ સુવાસિત પુષ્પ જેવું બનાવવાનું છે. મહાપુરુષોનાં ગ્રંથો મોતીસમ પ્રેરણા આપી જાય છે. આવતી કાલનો વારસદાર સમાજ આપણી કરેલી ખેતી પર જ ઊભો રહેવાનો છે.

ખેડૂત પહેલાં જમીનને ખેડીને પોચી બનાવે છે, તેમ આપણા આત્માને માનવતાથી, કરુણાથી, દયાથી, વાત્સલ્યથી પોચો બનાવવાનો છે. માનવ માનવ વચ્ચે સહાયક બનવાનું છે, નહીં કે દુશ્મન બનવાનું. કીડી, મધમાખી, ઉધઈ જંતુ હોવા છતાં એક બીજાને સહાયક બને છે.

●

આથી જ માનવી કાદવ નો ચૂંથે છે, પણ ચૂંટે છે તો કમળ જ.

આથી જ માનવી સાપના ઝેરને ભેગું નથી કરતો, તે ચંદનના કાષ્ઠ જ એકઠાં કરે છે.

ફુલો સુવાસ ફેલાવે છે. ફુલો સદાય પ્રસન્ન હોય છે. તેમના ચહેરા પર હમેશ સ્મિત હોય છે. માનવી પણ પોતે હર પળે પ્રસન્ન રહે, બીજાને પણ પ્રસન્ન રાખે.

ફુલો માનવીને કહે છે: તમે તમારા હૈયાને સંયમની સુવાસથી સભર રાખો.

ફુલો માનવીને કહે છે: તમારા જીવનમાં સુખ હોય કે દુઃખ, સદાય હસતા રહો. ન દુઃખોના રોદણાં રડો. ન સુખોનાં બણગાં ફૂંકો.

ફુલો કહે છે : અમે જાણીએ છીએ અમારે સાંજે મુરઝાઈ જવાનું છે. તમે પણ જાણો કે તમારે એક દિવસ મરી જવાનું છે. તો જીવનનાં અંતિમ શ્વાસ સુધી એવું જીવો કે મરો ત્યારે પણ તમારા જીવનથી સૌ મ્હેંકી ઊઠે.



નમાં પહેલો ભાવ દાનનો થયો હતો. "કોઈને જમાડીને જમું" એવી અતિથિસત્કાર કરવાની નયસારને ભાવના થઈ હતી. મોક્ષનું બીજ એટલે દાન. શુદ્ધ ભાવનાથી સુપાત્રે દાન દેવાથી આત્મા ધીરે ધીરે આગળ વધી નિર્વાણ પ્રાપ્ત કરે છે.

નયસારે ભૂલા પડેલા મુનિઓને માર્ગ બતાવ્યો, ત્યારે ગુરુએ તેને ભવ અટવીનો માર્ગ બતાવ્યો અને નવકાર મંત્ર આપ્યો. ધનનું દાન કરવાથી પરિગ્રહથી મુક્ત થઈ શકાય છે, મૂર્છાનો ત્યાગ થાય છે.



'આ જીવનનો હેતુ શો છે?' તે વિચારમાત્ર મનુષ્યને જ આવે છે, તિર્યંચ કદી આવા વિચાર કરી શકતા નથી. તેને આત્માનો વિચાર આવતો નથી. મનુષ્ય તો ખાવાપીવાનું મળે, પણ છતાં આત્માનો વિચાર કરે છે. તે જાણે છે: અહીંયા તો મળેલાને છોડવાનું છે. મનોરથ કદી પૂરાતા જ નથી. માટે પહેલેથી મળેલું છોડી દઈએ તેમાં જ સુખ છે.

શ્રીમંત હોય કે ગરીબ, નિર્બળ હોય કે બળવાન, રૂપવાન હોય કે કુરૂપ—બધામાં આત્મ તત્ત્વ તો સમાન જ છે.

જીવનને કોલસા જેવું કાળું બનાવવું કે હીરા જેવું ચમકદાર. માનવજાતને કોલસા જેવો સસ્તો બનાવવો કે હીરા જેવો મૂલ્યવાન બનાવવો તે આપણા પોતાના જ હાથમાં છે.

જીવનને કોલસા જેવું બનાવવું હોય તો કોઈની મદદ કે કોઈના માર્ગદર્શનની જરૂર નથી. પણ હીરા જેવું જીવન જીવવા માટે સમ્યક્ માર્ગદર્શનની જરૂર છે.

હીરાઘસુ હીરાને ઘસે છે ત્યારે તેનામાં ચમક આવે છે. બજારમાં તેના ભાવ બોલાય છે. જીવનને ગુરુના ચરણે સમર્પી દો, તમારા જીવનને તેમની પાસે કસાવો, તેમની પાસે આત્માની ચમક ઉઘડાવો.

આત્માને પ્રકાશવાન કરવા માટે આ જ એક ઉત્તમ માર્ગ છે. અને ગુરુ જ તેના ખરા ભોમીયા છે.



પૂર્ણતા તરફ પ્રગતિ કરવાની છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય દરેક આત્મામાં પડેલ છે. તેને વિકસાવી, પૂર્ણતાને પામવાનું છે. આ કરી શકવાને શક્તિમાન હોય તો તે મનુષ્ય છે.

પુણ્યનો પ્રભાવ આત્માનું કલ્યાણ કરાવે છે અને જગતમાં કીર્તિ ફેલાવે છે. અસંખ્ય કેવળીને આપણે યાદ કરતા નથી, પણ ચોવીસ તીર્થંકરોને હંમેશ યાદ કરીએ છીએ, કારણ કે તેમણે જબરજસ્ત પુણ્ય નામ કર્મ બાંધેલું હોય છે, એટલે અતિશયો ઝળકી ઉઠે છે. જ્યાં સુધી મોક્ષ ન મળે ત્યાં સુધી પુણ્યની ખૂબ જરૂર છે.

મોક્ષ એ ફળ છે અને પુણ્ય એ ફૂલ છે. અને ફળ આવતાં ફૂલ એની મેળે જ ખરી જાય છે.

જે દિવસો હાથમાં છે, તેની કમાણી કરી લેવાની છે. દુઃખનો ઉદય અત્યારે જ આવી જાય તો સારૂં. કર્મ-રાજાનું દેવું ચૂકવી દેવાય તેટલું ઉત્તમ. સંસારને સુખ માન્યા કરતાં મોક્ષમાં સુખ માનવાથી મોક્ષ તરફ પ્રયાણ થાય છે. વિપત્તિને સંપત્તિ માનો, દુઃખને સુખ માનો.

અનંતાનુબંધોથી આત્મા પર લાગેલા કર્મોના કાળા થરોને બાળવામાં આવે તો જ આત્મા તેનું મૂળ સૌન્દર્ય પામી શકે.

આ માટે જરૂર છે તપની. તપથી જીવનને સળગાવવું જોઈએ. જીવન જ્યારે તપથી તપી ઊઠે છે ત્યારે આત્મા વિશુદ્ધ બને છે.

તપના યજ્ઞમાં જીવનને હોમી દો. તપની પવિત્ર જ્વાળાઓમાં વાસનાઓ અને કામનાઓની કાળાશ બળીને ખાખ થઈ જશે, અને અંતે શુદ્ધાત્મા જ રહેશે.

યાદ રાખો : જ્યોત નથી તો પ્રકાશ નથી, તપ નથી તો જીવનની શુદ્ધિ નથી. આથી જ જીવનને તપમાં સતત તપાવો અને શુદ્ધ-બુદ્ધ આત્માને પામો.



વ્યક્તિ બીજાને ખાતર પોતાનો સ્વભાવ બદલી નાખે છે. પ્રેમની ઉત્કૃષ્ટતા એ છે કે રાજીમતિને નેમ પર ખૂબ જ પ્રેમ હતો, તેથી સંસારનો ત્યાગ કરીને આત્માનો માર્ગ સ્વીકાર્યો.

વાસનાવૃત્તિઓ ચાલી જાય તેનું નામ જ સાચો પ્રેમ. પ્રેમ આત્મસ્વરૂપ જુએ છે. પ્રેમ શુદ્ધ રૂપે થાય, ત્યારે આત્મકલ્યાણ વધતું જાય છે. આપણું મન મમતા વગરનું બની જાય છે. મમતાનો રંગ ચાલ્યો જાય, ત્યારે આત્મા હળવો બની જાય છે. કર્મના ભારને ઓછો કરવાથી આનંદનો અનુભવ થાય છે.

પ્રેમની અંદર ત્યાગ રહેલો છે. રાજીમતિએ વૈભવનો ત્યાગ કર્યો, ને ભરયુવાનીમાં નેમને પગલે ચાલી જાય છે. આત્મ-સમર્પણમાં સાચો ત્યાગ છે. પ્રેમ આત્મસમર્પિત છે. એમાં બદલાની આશા હોતી જ નથી.



રૂપ, રસ, ગંધ અને સ્પર્શ જેના સમાન હોય તેવા સ્થાનમાં જીવ ઉત્પન્ન થાય છે. અગ્નિકાયના જીવો અપકાયના જીવો સાથે મળતાં મરી જાય છે.

માટે તો એસ. ટી. વિમાન કે અંતરીક્ષમાં પ્રવાસ કરે છે અને તે વાહનના નિયમોનું તેને પાલન કરવું પડે છે. અને તે શ્રદ્ધાથી નિયમ પાળે પણ છે.

આ જીવન પણ એક લાંબી સફર છે. કોઈ નિશ્ચિત મુકામે પહોંચવાનું નક્કી ન કર્યું હોવાથી આત્મા અનંતા ભવથી ગમે તેમ ગમે ત્યાં ભટકી રહ્યો છે.

આત્મા માટે સુખમય, શાંતિમય અને આનંદમય એક જ મંઝિલ છે. અને તે છે મોક્ષ.

સંયમરૂપી વાહનમાં બેસવાથી આત્માને તે મોક્ષ સુધી પહોંચાડે છે. પણ આ માટે ય સંયમના નિયમોનું શ્રદ્ધાથી પાલન કરવાની જરૂર તો છે જ.

તો પ્રથમ જીવનની મંઝિલ નક્કી કરો. અને એ મંઝિલની સફર આરંભો ત્યારે તેનાં નિયમો પાળવામાં સતત સાવધ અને સજાગ રહો.

તો આખા જગતના માતાપિતા સમાન છે, તેમનામાં તો જીવો પ્રત્યે તારવાની અપાર કરુણા ભરી છે, તો તેમનું લોહી દૂધમાં કેમ ન ફેરવાય ?

ભગવાન મધુર વાણીથી બોલ્યા : 'ચંડકોશિક, હવે બૂઝ (સમજ), ચેતન, બૂઝ.'

ચિંતન, મનન, ધ્યાનમાંથી ઉદ્‌ભવેલ શબ્દો બધું :લાવી શકે છે.

ભગવાનની વાણી સર્પના હૃદયમાં સોંસરી પ્રવેશી :્યય છે. સર્પના ભાવ પલટાય છે ને જાતિસ્મરણ થતાં પોતાનું માથું ભગવાનના ચરણમાં નમાવીને પડી રહે છે, ને પશ્ચાત્તાપ તથા સહનશીલતા તેને સ્વર્ગ અપાવે છે.

મનની કેળવણી યોગ છે. વચન અને કાયાને ચલાવનાર મન છે. મનની લગામ દ્વારા જીવનનું એંજિન ચાલ્યું રાખ્યું છે. અસ્થિર મન સિદ્ધિ પ્રાપ્ત કરી શકતું નથી.

માણસનું મન જ્યારે પરમાત્મામાં એકાગ્ર બને, ત્યારે પાપોના ઢગલા થોડી જ વારમાં નાશ પામી જાય છે. યોગ પાપનો નાશ કરે છે. આત્મધ્યાનના યોગ દ્વારા આત્મામાં પ્રગટેલ અગ્નિ બધાં કર્મોને બાળી નાખે છે. યોગથી વર્તમાન જીવનને પલટાવી નંખાય છે, આધિ, વ્યાધિ દૂર થાય છે. યોગ એ પારસમણિ છે.

મુક્તિની મંઝિલ પણ ઊંચે, અતિ ઊંચે, અનંત આકાશને પેલે પાર છે. ત્યાં પહોંચવા માટે સાધકે આ વિમાનની જેમ ઉડ્ડયન કરવાનું છે. સાધકે પણ આધ્યાત્મિક ગગનમાં ઉડવાનું છે.

જીવનના રનવે પર મનના પંખા તેજીથી ઘુમાવી વિષય-કષાયરૂપી હવાને બહાર છોડવાની છે. જીવનમાં વિવેક અને વૈરાગ્યનું પ્રેશર લાવવાનું છે.

વિવેક અને વૈરાગ્યનું પ્રેશર મળતાં જ આંતરિક જીવન ઊંચે ઊડવા લાગે છે. ઉડ્ડયનની વચમાં આવતાં પ્રલોભનો અને અવરોધોમાંથી પાર થઈ ઊંચે ને ઊંચે સતત જતા જ રહેવાનું છે. અને જે એટલી ઊંચાઈએ પહોંચે છે તેને મુક્તિનો ચોક્કસ માર્ગ આપોઆપ મળી જાય છે અને પછી તે સરળતાથી આ માર્ગે આગળ દોડે જાય છે.

પણ આ બધા પહેલાં જીવનની યંત્રસામગ્રીને બરાબર કરવાની અને રાખવાની જરૂર છે. વિચાર, વાણી અને વર્તનને શુદ્ધ અને સબળ રાખવા પડશે. અંતઃકરણને નિર્મળ અને નિર્વિકલ્પ બનાવવું પડશે.

અને જો અંતઃકરણ જ મલિન અને દૂષિત હશે તો પછી રનવે ઉપર પણ નહિ દોડી શકાય.


કાર્ય કરવામાં બળ મળે છે. રુચિ આવવી એટલે કાર્યમાં વેગ આવવો. શ્રદ્ધાની નિશાની એ છે કે કોઈ કાર્ય કરવામાં વેગ આવે. દાખલા તરીકે વ્યાપારી દરરોજ અગિયાર વાગે જમતો હોય, પણ કોઈ વાર ઘરાકી સારી જામી હોય તો જમવાનું પણ ભૂલી જાય છે

રુચિ સત્યનો સ્વીકાર કરે છે, ને અસત્યને દૂર કરે છે.

જે લોકો મહાન થવાના છે, તેમનામાં નાનપણથી જ નમ્રતાનો, વિનયનો, વિવેકનો, સમતાનો, ને સંતોષનો સ્વભાવ જ પડેલો હોય છે. સારા સ્વભાવથી, સારી ટેવોથી, સારા વર્તનથી મનુષ્ય મહાન બને છે.

કુંભાર ઘડાને ઉપરથી ટીપે છે, છતાં એક હાથ અંદર રાખે છે, જેથી ઘડાને ઘોબો ન પડે, તેમ વિદ્યાનું દાન કરનાર ગુરુ પણ વિદ્યાર્થીને ઉપરથી ઘડે છે, છતાં અંદરથી હાથ રાખીને વિદ્યાર્થીને આંતરિક હોંશિયાર, સબળ ને સત્ત્વશીલ બનાવે છે. આવી રીતે તૈયાર થનાર ભવિષ્ય ઉજાળે છે અને મહાન થાય છે.

૭



૫૮ ∷ મુક્તિનો કિનારો

વહાણની જેમ આત્મત્યાગી ભવસાગરની ખેપ ખેડવી જોઈએ.

સાગરમાં વહાણ તરે છે. વહાણનો સઢ સીધો હોય તો વહાણ એક દિશામાં પ્રયાણ કરે છે. એ જ સઢ ઊંધો હોય તો તે ઉલટી દિશામાં જાય છે.

વહાણમાં નાનું સરખું કાણું કે તિરાડ હોય તો તે વહાણ માટે જોખમકારક બની જાય છે. નાનું સરખું કાણું મોટા જહાજને પણ ડૂબાડી દે છે.

જીવનનું પણ તેવું જ છે. ખરાબ વિચારોથી જીવન ખરાબે ચડે છે. અને શુભ વિચારોથી તે સીધી ગતિએ ચાલે છે. શુભ અને મંગળ વિચારોથી તેની જીવનનાવ અધ્યાત્મ પંથ પર તેજ ગતિએ દોડે છે.

પણ આ સાથે જોઈ લેવું જરૂરી છે કે જીવનમાં ક્યાંય વિષયનાં છિદ્ર કે કષાયની તિરાડ તો નથી ને?

સંયમથી સુદૃઢ એવા વૈરાગ્યના સઢથી જીવનનાવ મુક્તિના કિનારે લાંગરે છે.



૭૨ ☼ નમન

સૂર્ય કહે છે : મેં અંધારાને જોયું જ નથી. સૂર્યનું અસ્તિત્વ જ પ્રકાશમય છે. આપણામાં જ્યારે જ્ઞાનદશા આવશે, ત્યારે વૈરભાવ આપણામાં નહીં હોય. અંતરના શત્રુને જે જીતે તેમનું નામ મહાવીર છે. યોગીઓનો આધાર ભગવાન મહાવીર છે. મહાવીર ભગવાનને યોગીઓ નમન કરે છે. ઘડાને ભરાવવું હશે તો તેને નમવું પડશે. તેવી રીતે જેમને અમૃત જીવનઘટમાં ભરવું હશે, તેમને જરુર ભગવાનને નમન કરવું પડશે. જેમને જ્ઞાન મેળવવું હોય તેમને પહેલાં તેમના હૃદયને કુમળું બનાવવું પડશે. માટીને કેળવવાથી સુંદર આકાર બને છે, તેમ જ્ઞાનીઓ આપણને નમનની કેળવણી આપીને આપણા જીવનને સુંદર બનાવે છે. નદીના કિનારાના ખેતરના પાક પણ પાણીના પૂરને નમન કરવાથી પોતાનું અસ્તિત્વ ટકાવે છે. ઝાડ નમતાં નથી, તો તે ઉખડી જાય છે. નમન કરવાથી આત્મા નમ્ર-વિનમ્ર બને છે.

O

હાથ, પગ, આંખ, કાન, નાક, જીભ અને મન રૂપી સમૃદ્ધ સંપત્તિ આપણને મળી છે. કર્મેન્દ્રિય, જ્ઞાનેન્દ્રિય અને અંતઃકરણના પણ સુપરવિઝન કારીગર પણ મળ્યા છે.

આવું સમૃદ્ધ કારખાનું અગર ખાનગીથી, ગુડવીલથી મળી જાય તેનું તો ભાગ્ય જ ઉઘડી જાય ને? પણ આપણું ભાગ્ય આવું સમૃદ્ધ કારખાનું પોતાને મળ્યું હોવા છતાં ય નથી ઉઘડ્યું.

કારખાનાનાં સંચા ટાઢાઢીમ પડ્યા રહેવા દીધા છે. પડ્યા પડ્યા યંત્રો પણ કાટ ખાઈ જાય છે. ત્યારે એ કારખાનું કાટખાનું બની રહે છે. નથી તેમાં ઉત્પાદન થતું, નથી તેના માલિકને કંઈ રળી આપતું. ઉલ્ટું તેનું ભાડું ચડે છે તે વધારામાં.

હાથ મળ્યા છે પણ એ હાથથી દાન નથી કર્યું. એ હાથથી કોઈનાં આંસુ નથી લૂછ્યાં, એ હાથથી કોઈ પડેલાને ઊભા નથી કર્યા, કે એ હાથથી કોઈની સેવા નથી કરી.

પગ મળ્યા છે પણ એ પગથી કોઈ તીર્થયાત્રા નથી કરી, ભગવાનના મંદિરે ગયા નથી, એ પગ ઉપર કોઈ નિરાધારનો ભાર ઉપાડ્યો નથી.



૭૪ ☼ શિખામણ

મરતી વખતે બાપે દીકરાને કહ્યું : ગામે ગામે ઘર બાંધજે, તડકે ફરીશ નહીં અને મીઠું ખાજે" આનો અર્થ દીકરો ન સમજ્યો, પણ બાપના વૃદ્ધ મિત્રે તેનો અર્થ સમજાવ્યો કે :

૧. ગામે ગામે ઘર બાંધજે, એટલે કે લોકોની સાથે સારો સંબંધ રાખજે.

૨. તડકે ફરીશ નહીં એટલે વહેલી સવારથી તે સૂર્યાસ્ત થાય ત્યાંસુધી દુકાન પર બેસી ધંધો કરજે.

૩. મીઠું ખાજે એટલે કે ખૂબ શ્રમ કરજે કે જેથી તું જે ખાઈશ તે મીઠું લાગશે.

શ્રમ કર્યા વિના પ્રાપ્ત થયેલ પૈસાની કિંમત નથી હોતી. શ્રમ કર્યા વિના વારસામાં મળેલ પૈસો દીકરો સ્વચ્છંદ રીતે ઉડાવી દે છે. શ્રમમાં રસ છે, આનંદ છે, સુખ છે, શાંતિ ને સમતા છે.

સાધુ શ્રમ કરીને જ સિદ્ધિ મેળવે છે, તેથી તે શ્રમણ કહેવાય છે. સાધુઓ શ્રમ કરી કરીને આત્મમંથન કરીને, આત્માનું વલોણું કરીને લોકોને ઉપદેશરૂપી નવનીત આપે છે.

અંતઃકરણ જેટલું અને જેવું અપ્રમત્ત, જાગૃત અને ગુણાનુરાગી અને જ્ઞાનવાન હશે તેવું આ કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયો ઉત્પાદન કરશે.

આ જ ઇન્દ્રિયોથી જો વિષય અને કષાયોનું જ સંવર્ધન થતું રહેતું હોય તો માનજો કે તમારું કારખાનું કાટખાનું છે, કાળખાનું છે. તેને તમારે કારખાનું અને તે પણ નફો રળી આપતું કારખાનું રાખવું હોય તો ઇન્દ્રિયો દ્વારા ત્રણેય પાળી ચલાવીને તેમાંથી સતત મૈત્રી, પ્રમોદ, કરુણા, સંયમ અને વૈરાગ્ય વગેરેનું ઉત્પાદન થવા દો.





૭૬ ✲ દિવ્યતા

એક સાધુની એક શ્રાવક અત્યંત ભક્તિ કરતો હતો. સાધુ સમતામાં લીન હતા. એકવાર ધ્યાનમગ્ન હતા, ત્યારે ભેંસને નવડાવતાં પાણી સાધુ પર પડયું–ધ્યાન-પૂર્ણ થતાં સાધુએ ભરવાડને ઉધડો લીધો. તેથી શ્રાવક ત્યાંથી ચાલ્યો ગયો.

પછી ક્રોધ સમતાં, સમતા આવતાં સાધુએ ભરવાડની માફી માગી. પછી તે શ્રાવક પાછો આવ્યો અને સાધુની ભક્તિ કરવા લાગ્યો.

તો સાધુએ આનું કારણ પૂછયું. ત્યારે શ્રાવકે કહ્યું : તમે ક્રોધ કર્યો, ત્યારે તમારી પાસેથી પરમાત્મા ચાલ્યા ગયા હતા, શુભ પરમાણુઓ–પ્રેમ, મૈત્રી, ક્ષમા, સમતા ચાલ્યાં ગયાં હતાં–દિવ્યતા ચાલી ગઈ હતી, પરંતુ તે આવતાં હું આવ્યો."

જેવો સંગ કરશો, તેવો રંગ પ્રાપ્ત કરશો. ગટરનું પાણી ગંગામાં ભળીને સ્વચ્છ બની જાય છે. સજ્જન દુર્જનને સજ્જન બનાવે છે. પરંતુ ખુદ ગંગાજી સાગરમાં જઈ મળે છે, ત્યારે તેમનું પાણી ખારૂં થઈ જાય છે.



૬૧ ⁂ પોલીસ અને ગુરુ

પોલીસ પણ નાગરિક છે. બીજા જેવા જ તે સામાન્ય માણસ છે. ગણવેશ જોઈને આપણે કહીએ છીએ કે આ પોલીસ છે.

પોલીસ ગણવેશમાં હોય છે ત્યારે તે સત્તાનું પ્રતીક બની જાય છે. સામાન્ય માનવી, અરે! આ જ પોલીસ સાદા વેશમાં હોય તો તેને માત્ર પોતાનું જ પીઠબળ હોય છે. સ્વ-બચાવમાં પણ હાથ કે હથિયાર ઉગામતા તેને ભય લાગે છે કે રખેને કાયદાના હાથમાં પકડાઈ જઈશ તો?

પરંતુ ગણવેષધારી પોલીસને એવો ભય નથી હોતો. તેને શ્રદ્ધા હોય છે કે તે ફરજ માટે જે કંઈ પગલાં ભરે છે તેની પાછળ સત્તાનું પીઠબળ છે. સરકારનો ટેકો છે. આથી જ પોલીસના અવાજમાં સત્તાનો રણકો હોય છે.

પોલીસ સાથે કોઈ ગમે તેમ નથી વર્તી શકતું. તેનું અપમાન કરતાં સો ગળણે ગળીને પાણી પીવું પડે છે. કારણ તેનું અપમાન એ સત્તાનું અપમાન છે. સરકાર સામે એ બળવો છે.



७८ ▣ સાધના

લોખંડ અને તાંબાને પારસમણિનો સ્પર્શ થતાં તે સુવર્ણ બની જાય છે, તેમ આત્માને આત્મજ્ઞાન મળતાં તે અમર બની જાય છે. સ્વનું દર્શન જ જીવનભર કરવાનું છે, અને દરેકે દરેક ક્રિયામાં આત્માને યાદ કરવાનો છે. જીવનને ઘુંટી ઘુંટીને અંતરમાંથી આત્મજાગૃતિ પ્રાપ્ત કરવાની છે. દરેક ક્રિયા આત્મજાગૃતિથી થશે, તો સંસારની ક્રિયા પણ આત્માને ઉર્ધ્વગામી બનાવશે અને ધર્મનું સાચું રહસ્ય તો આત્માને મોક્ષ અપાવવાનું છે.

મરણમાં જ જીવન રહેલું છે, અંધકારમાં પ્રકાશ છુપાઈ રહેલો છે. મરણમાં જ અમૃતત્વ છુપાયેલું છે. મરણને સમજ્યા પછી જીવન જીવવાની બહુ જ મજા આવે છે.

જીવન ઉકરડા જોવા માટે નહીં, પણ જગતના બગીચા જોવા માટે છે. દરેકના સદ્‌ગુણો જોવાના છે, દુર્ગુણ કે દોષ નહીં. સદ્‌ગુણો જોતાં જોતાં આપણામાં સદ્‌ગુણ વધતા જ જશે. દુર્ગુણ જોવાથી દુર્ગુણ વધ્યા કરશે, અને મૈત્રી-પ્રેમને બદલે રાગ-દ્વેષ વધ્યા જ કરશે. પાખંડીઓ તો ભગવાનના પણ દોષ જ જુએ છે.



૬૨ ∴ સાધના

સાધકો ત્રણ પ્રકારનાં બતાવ્યા છે. ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ.

સાધકમાં પણ આવા ભેદભાવ કેમ? પણ આ ભેદભાવ સાધકના નથી. સાધનાની શક્તિ અને સાધકતાની તરતમતાનો આ અનુક્રમ બતાવે છે.

તમે પેટ્રોલ પમ્પ જોયો હશે. ત્યાં પેટ્રોલ તો હોય જ છે. ઘાસલેટનો ડબ્બો પણ હોય એમ માની લો.

હવે કહો, અચાનક આગ લાગે તો આગની ઝપટ-માં સૌથી વધુ ઝડપી અને વધુ કોણ ઝડપાશે ?

જવાબ જાહેર અને અનુભવ પ્રત્યક્ષ છે. આગ પેટ્રોલને પ્રથમ પકડમાં લેશે. પછી ઘાસલેટ અને છેલ્લે પમ્પના ફર્નિચર વગેરેને.


સાધુ-સંતો, જ્ઞાનીઓ અને ગુરુઓનો ઉપદેશ બધા માણસોને જલ્દી અને જલદ રીતે નથી સ્પર્શતો. જેનું અંતર આર્દ્ર હોય છે, જે પાપભીરૂ હોય છે, જે પોતાના જીવનને વધુ મંગળમય બનાવવા તલસે છે તેવા ઉત્તમ સાધકને ઉપદેશની અસર ઝડપી થાય છે.



૮૦ ▣ અમૃત

વેશ કરતાં વિચારનું મહત્ત્વ જૈનદર્શનમાં વધારે છે. જ્યાં સુધી સમ્યક્ત્વ ન થાય, ત્યાં સુધી આત્મા આગળ વધી શકતો નથી. સમ્યક્ત્વદર્શન સંસારને તરવાની હોડી છે. સમ્યક્ત્વ દર્શન થતાં આત્માનો ખ્યાલ આવી જાય છે. પછી ભલે તે સંસારમાં રહેતો હોય, પણ તે અનાસક્ત હોય છે. આત્મજ્ઞાન થતાં અંતરમાં આનંદ દેખાય છે. ભમરાને એકવાર રસ મળી ગયો પછી તે રસને ચૂસ્યા જ કરે છે, ગુંજન પણ કરતો નથી. જ્ઞાનરૂપી અમૃતના સાગરમાં જેણે એકવાર ડૂબકી મારી, તેને વિષયો ઝેર જેવા બની જાય છે.

· પશુ અને માનવી વચ્ચે ફરક બતાવનાર જ્ઞાન છે. પશુ પણ જ્ઞાનથી માણસ જેવો બની જાય છે. ચંડકૌશિકને જ્ઞાન આવતાં આઠમા દેવલોકે ગયો. જ્ઞાન કર્મને બાળી નાખે છે. જ્ઞાનને જીવનમાં ઉતારવાનું છે. જ્ઞાનથી માણસની કિંમત વધતી જાય છે. મોક્ષમાર્ગમાં લઈ જનાર ભોમિયો તો જ્ઞાન જ છે. સંસારમાં માર્ગ બતાવનાર જ્ઞાન છે. માનવીના જીવનનો શૃંગાર પણ જ્ઞાન છે. માણસ જ્ઞાનથી શોભે છે.



૬૩ ∴ આગ ને આત્મા

તણખો હોય કે જ્યોત. જ્યોત હોય કે જ્વાળા. જ્વાળા હોય કે ચૂલો. ચૂલો હોય કે ચિતા. ચિતા હોય કે દવ. આ બધાયમાં આગનું તત્ત્વ સમાન છે. અગ્નિના આ વિવિધ સ્વરૂપમાં પ્રકાશનું તત્ત્વ એક છે.

કીડી હોય કે કુંજર, સ્ત્રી હોય કે પુરુષ, બાળક હોય કે વૃદ્ધ, સબળ હોય કે નિર્બળ — કદ અને આકાર ગમે તેવા હોય, દરેકમાં આત્મ તત્ત્વ સમાન છે. આત્માનું વિશુદ્ધ અને તેજોમય તત્ત્વ દરેકમાં સમાન છે.

અવ્યક્ત અને અદૃષ્ટ આ આત્મતત્ત્વને સાધક ઓળખી લે અને તેનો સમુચિત ઉપયોગ કરી લે તો એ જ આત્મા પરમાત્મા બની રહે છે. જીવ શિવ બની જાય છે. સ્વ સિદ્ધ બને છે.

તણખો આગ પણ લગાડે છે. એ જ તણખો જ્યોત બને તો અંધકારને દૂર કરે છે. ચૂલામાં તે સળગે છે તો તે રસોઈ બનાવે છે. ચિતામાં ભડભડ બળે છે તો દેહને ખાખ કરે છે અને મકાન કે જંગલમાં લાગે તો ભીષણ હોનારત સર્જે છે.



૮૨ ☼ કડછી

દૂધપાકનો સ્વાદ કડછીને મળતો નથી, પણ એક
ંદુ જીભ પર મૂકાય તો જીભને સ્વાદ લાગશે. તેમ આંખ
ઈ કરતી નથી, આંખ તો સાધન છે, પણ આંખની
ાછળ રહેલ દિવ્ય આત્મા જ બધું જુએ છે, બધું અનુભવે
. આંખથી સારૂં જોવાનો વિવેક રાખો. નહીંતર તે
ણે ક્ષણે કર્મ બંધન કર્યા જ કરે છે. શરીરથી કર્મ
ાંધીએ છીએ, અને શરીર તો પછી બળીને ભસ્મ થઈ
ાય છે, પરંતુ કર્મનો ભોગવટો આત્માને જ કરવો પડે
. સમ્યક્ દૃષ્ટિ આત્મા પળેપળ કર્મની નિર્જરા જ કરે
, કારણ કે તેને કોઈ પણ વસ્તુમાં આસક્તિ હોતી જ
થી. તીર્થંકરો બધી જ વસ્તુ લેતા હોવા છતાં, ખાતાં
ીતાં કર્મબંધન નહિ, પણ કર્મની નિર્જરા જ કરે છે.

*

આપણી આશાને અમર આશા બનાવવાની છે, આંતર વૈભવને વિકસાવવાનો છે. ઇલેક્ટ્રીસીટી સાથે જોડાયેલ તાર મહાન જ્યોતિરૂપ બની જાય છે તેમ આપણો આત્મા પરમાત્મા સાથે જોડાઈ જાય તો આત્મા એક દિવસ પરમાત્મા બનશે.



૬૪ ❖ દાતા

દાતાઓએ નદીના વહેતા જલપ્રવાહની જેમ દાન કરવું જોઈએ.

નદીનો પ્રવાહ વહે છે ત્યારે તેના માર્ગમાં આવતા ખાડા અને ખાબોચિયાંને પહેલાં ભરે છે. એ પછી તે આગળ વધતું જાય છે.

શ્રીમંતોએ પોતાની પાસેના ધનનો પ્રવાહ વહેતો રાખવાનો છે. દાનના પ્રવાહમાં ધનને વહેતું રાખવું જોઈએ.

જેઓનાં જીવનમાં આર્થિક ખાડા છે તેવા જરૂરિયાતવાળાઓને દાતાઓએ સૌ પ્રથમ દાન આપી તેમનો ખાડો ભરી દેવો જોઈએ.

નદી હંમેશા વહેતી જ રહે છે. જ્યાં જ્યાં એનો પ્રવાહ વહે છે ત્યાં ત્યાંની જમીનને એ સમૃદ્ધ બનાવે છે.

શ્રીમંતોએ પણ પોતાના ધનનો પ્રવાહ હંમેશ વહેતો રાખવો જોઈએ. આંગણે આવેલાને દાન કરી તેના જીવનને વધુ સમૃદ્ધ બનાવવું જોઈએ.



૮૪ ☼ સફળતા

બીજનો ચંદ્ર નાનો હોવાથી, તેના દર્શન કરવા દુનિયા જાય છે. તેનામાં નમ્રતા હોવાથી ધીમે ધીમે તે મોટો થાય છે. તે અમાસની લઘુતા તરફથી પુનમની મોટાઈ તરફ જાય છે. પછી મોટા થયા પછી નાનું થવું પડે છે. નાનાને નાના થવું પડતું નથી. નાના બાળકને દુનિયા પ્યાર કરે છે, મોટાને કોઈ પ્યાર કરતું નથી. આપણા શરીરમાં મોટામાં મોટું માથું મોટું છે અને પગ નાનામાં નાના છે. પગની રજ લેવાય છે, માથાની નહીં. સંસારમાં પાણીના પરપોટા માફક જે મોટા થાય છે, તે જલદી નાશ પામે છે. બાર બાર મહિના ઉગ્ર તપશ્ચર્યા કરવા છતાં બાહુબલીને કેવળજ્ઞાન થતું નથી. પણ 'વીરા મોરા! ગજથી હેઠા ઉતરો' સાંભળ્યું કે અહં-કાર ચાલ્યો ગયો, નમ્રતા આવી ને નાના ભાઈ સાધુઓને વંદન અર્થે જ્યાં પગ ઉપડયો કે તુરત જ કેવળજ્ઞાન તેમને થયું. જ્યાં નમ્રતા, લઘુતા છે, ત્યાં સફળતા છે.

રેસ શરૂ થાય ત્યારે લાખો માણસો રેસ જોવા આવે છે પણ રેસમાં ભાગ લેનાર જોકી લોકો તરફ બીલકુલ



૬૧ :: ઘાણીનો બળદ

ઘાણીનો બળદ આખો દિવસ ગોળ ચાલ કરે છે. ને કેટલું ચાલ્યો તેની ગણના કરીએ તો રોજના એ કંઈ કેટલાય માઈલ ચાલતો હશે. પણ એ ચાલીને છેવટે ક્યાં પહોંચતો હોય છે? જ્યાંથી ચાલવાનું શરૂ કર્યું હોય ત્યાંનો ત્યાં જ એ હોય છે. તેની ગતિ ક્યારેય પ્રગતિ નથી બનતી. કારણ?

ઘાણીનો બળદ એક વર્તુળમાં જ ઘૂમે છે. ઘાણીની આસપાસ ચારે બાજુ ગોળ ગોળ ફર્યા કરે છે. મોટાભાગનાં માણસો ઘાણીના બળદની જેમ જ ઘૂમ્યા કરે છે.

તેનું વર્તુળ માત્ર કુટુંબ હોય છે. ઘરેથી સવારે નીકળી એ દોડાદોડ કરે છે અને રાત્રે એ ઘરે જ આવે છે. ઘાણીના બળદની આંખે પટ્ટી હોય છે. આંખ છે પણ તે જોતો નથી. માનવી પણ અજ્ઞાનની પટ્ટી બાંધી રાત-દિવસ શ્વાસભેર દોડ્યા જ કરે છે.

માનવી ઉઘાડી આંખે જુવે છે કે આ કાળી મજૂરી છે. થાકી જવાય એવી બધી દોડધામ છે. છતાંય અજ્ઞાનની પટ્ટી આંખ પર હોવાથી તેની દોડ કુટુંબ પૂરતી જ રહે છે.



૮૫. ✲ ક્રોધ

ક્રોધ, લોભ, માન, અને માયા એ દુર્ગુણો પોતાની જાતને બાળી રહ્યા છે. જીવ પહેલાં પોતાના આત્મગુણને બાળીને પછી બીજાને બાળે છે. પહેલાં આત્મા ઉપર દયા કરીને પછી બીજા પર દયા કરી શકાય છે.

ક્રોધ તે પ્રીતિ, વિનય અને વિવેકને બાળી નાખે છે. ક્રોધનો પહેલો ખોરાક પ્રીતિ છે, પોતે પોતાના કષાયોને કાબુમાં ન રાખે તો જીવન ઝેર જેવું બની જાય છે. મહાવીર પ્રભુ કહે છે કે પ્રીતિથી આલોક અને પરલોક બન્ને સુધરે છે. વિવેક વગર ક્રોધના આવેગથી માણસ આપઘાત કરે છે. આપઘાત કરનારના આત્માના ભવોભવ બગડી જાય છે. ક્રોધના આવેશમાં વિવેકનો દીપક બૂઝાઈ જાય છે. યોગ્ય-અયોગ્યનો વિચાર તો વિવેકી માણસ જ કરી શકે છે. ક્રોધનાં ફળ કડવાં છે. કષ્ટથી સંચિત કરેલ પુણ્ય ક્રોધથી ક્ષણ માત્રમાં નાશ પામે છે. તપસ્વી મુનિ ક્રોધથી ચંડકૌશિક નાગ બન્યા.





૬૬ ⁘ રેસનો ઘોડો

ઘાણીનો બળદ આંખ પર પટ્ટી બાંધીને ગોળાકાર ફરે છે. તો રેસનો ઘોડો મોટા મેદાનમાં ગોળાકાર તેજ ગતિએ, ખુલ્લી આંખે દોડે છે.

રેસના શોખીન જુગારીઓ એ ઘોડા પર, ઘોડાની તેજ ગતિ પર લાખોની હોડ બકે છે. લાખો હારે છે અને જીતે છે.

પણ રેસના ઘોડાના ફાળે શું આવે છે? સિવાય કે લાંબી દોડનો થાક. તેની પ્રગતિ તો ક્યાંય થતી નથી. ઘાણીનો બળદ અને રેસનો ઘોડો બંને જ્યાં હોય છે ત્યાંના ત્યાં જ રહે છે. રેસના ઘોડાને તો સવારની વારે-ઘડીએ એડીઓનો માર પણ સહન કરવો પડે છે. બળદને પણ માર અને ગાળો ખાવી પડે છે.

ચક્કર ઘાણીનું હોય કે રેસના ગોળ મેદાનનું, તેથી કોઈ ફરક પડતો નથી. માનવીનું પણ તેવું જ છે. તે પૈસા પાછળ દોડે કે પ્રતિષ્ઠા પાછળ, તેનાથી તેનો જીવનનિર્વાહ જ મેળવે છે. ઉદાત્ત અને ઉચ્ચ મુક્તિના ધ્યેયને તે ક્યારેય પામતો નથી.



૮૭ ☆ ધ્યાન

સાધનાની સિદ્ધિ અર્થે પર્વતની જેમ અડોલ બનીને ધ્યાન ધરવાનું છે. પવન પાંદડાંને હલાવે, તેમ મનને હલાવવાનું નથી. આપણે તો શરીરની જ ફિકર રાખીએ છીએ, આત્માની નહીં. ધ્યાની આત્મામાં મગ્ન રહે છે, તેમને શરીરની ફીકર નથી હોતી.

કુમારપાળને મંકોડો ચોટયો હતો. ત્યારે તેઓ ધ્યાનમાં એકાગ્ર હતા. તેથી તેની તેમને ખબર ન પડી, પણ લોકોના કહેવાથી જ્યારે મંકોડાની ખબર પડી, ત્યારે તેના કરડવાથી પારાવાર દુઃખ થતું હતુ, છતાંય મંકોડાને દૂર ન કરતાં, લોહી ચૂસવામા મગ્ન બનેલ તે મંકોડાને દૂર કરવાને બદલે કુમારપાળ નરેશે પોતાની ચામડી ઉખેડીને તે મંકોડાને અભયદાન આપ્યું. જે અહિંસાનો પાલક છે, તે જેમાં જીવ મરતાં હોય તેવાં સાધનો વાપરે જ નહિ. ચરબીયુક્ત કપડાં, લીવરનાં ઇન્જેકશનો, કોડલીવર ઓઈલ, ક્રોમના જોડાં, વગેરે વપરાય જ નહીં. "જીવો ને જીવવા દો"–એ મંત્ર આત્મસાત્ કરવો જોઈએ. જો તમે

ક્રોધ કે પ્રમાદમાં હોય ત્યારે આ શત્રુઓ જીવનના તમામ સીમાડાઓથી દોડી આવીને જીવનમાં અરાજકતા ફેલાવે છે. આ આંતરિક શત્રુઓ આત્માને ગુલામ બનાવી જીવનમાં મન ફાવે તેમ વર્તે છે અને જીવન બિસ્માર અને બરબાદ બની જાય છે.

આઝાદ રાષ્ટ્રનો નાગરિક આઝાદી-પ્રિય જ હોય. જીવનને ગુલામીની જંજીરમાં ન બાંધો, ન વ્યસનોના ગુલામ બનો. ન વાસનાના દાસ બનો. કષાયોના કેદી ન બનો. પ્રમાદને પરાધીન ન થાવ. લોભથી લાચાર ન બનો. માયાથી મજબૂર ન બનો.

તમારા જીવનને આઝાદ અને સ્વતંત્ર બનાવવું હોય તો આત્માનું સતત, સાવધ અને જાગ્રતપણે રક્ષણ કરો. અધ્યાત્મની એવી કિલ્લેબંધી કરો કે તેના દુર્ગ અને દરવાજા, તેના બુરજો અને ગોખલા જોઈને જ શત્રુઓ છળી ઊઠે.

જીવનના તમામ ક્ષેત્રે, મનના તમામ તરંગો પર યમ, નિયમ, સંયમ, સંવેગ, વૈરાગ્યની અડીખમ ચોકી ગોઠવો. અને તેને કાયમી હુકમ આપી રાખો કે શત્રુ દેખાય કે તુરત જ તેને ઠાર કરે.





૮૮ ✡ સ્વશ્રમ

આપણા હૃદયમાં કોઈકવાર રાગદ્વેષ આવે છે, છતાં હૃદયમાં ધર્મ હોય તો રાગ-દ્વેષ તરત જ ઓગળી જાય છે. રાવણ ઘણો બળવાન હતો અને તેનું સૈન્ય બહુ જ મોટું હતું, વાલી નાનો હતો, પણ સત્યની ઉપાસનાવાળો હતો, તેથી તે રાવણને જીતી ગયો.

આમ મહાનતાની એક જ ચિનગારી આપણા જીવનને પલટાવી નાખે છે, અને પાંચ મહાવ્રતોનું શુદ્ધ પાલન કરવામાં આવે તો મોક્ષ મળી જાય છે.

અનીતિનું ન ખાવું, સ્વશ્રમ વગર કોઈ વસ્તુ લેવી, વાપરવી નહીં, આવી વૃત્તિ ધરાવનાર પુણિયો શ્રાવક ઝૂંપડીમાં રહી રાગદ્વેષ રહિત, સમતાપૂર્વક જીવન ગાળતો હતો. તેનાં વખાણ પ્રભુએ કર્યાં. તો તેની પરીક્ષા લેવા એક વિદ્યાધર આવ્યો. તેના લોખંડના તવાને સોનાનો કરી નાખ્યો. પણ પુણિયાએ બધા વ્રતોનું અણીશુદ્ધ પાલન કર્યું હતું, તેથી આ તવો તેને માટે નકામો થયો. આપણે ધનને ધર્મ માનીએ છીએ, તે ધર્મને ધન માનતો.

હું નહિ હોઉં ત્યારે તમને ખબર પડશે, સૌભાગ્ય સમજો તમારા કે હું તમને મળ્યો છું.

આમ માનવું, આમ સમજવું એ અજ્ઞાન છે, ભ્રમણા છે. દુનિયા આખીને ભયથી થથરાવી નાંખનાર નેપોલિયન પણ કેદ પકડાય છે. આખા કુટુંબનો ભાર ઉપાડનારને પણ ક્યારેક તેનો ભાર ઉપડાવો પડે છે.

કર્મની સત્તા અતિ પ્રબળ છે, તેના આગળ તીર્થંકરોનું પણ નથી ચાલતું. કર્મ આગળ તો ચક્રવર્તીઓ અને મહર્ષિઓ પણ પામર છે, લાચાર છે.

ત્યારે અભિમાન લઈને ફરવું કે હું જ બધું હંકારું છું અને હું જ બધો ભાર ઉપાડું છું તે જીવનને આડે રસ્તે ચડાવી દેવા જેવું છે.

અને જ્યારે જીવન પોતે જ ક્ષણભંગુર છે ત્યારે અભિમાન શેનું રાખવાનું હોય? કારણ આજે રાખેલું અભિમાન ક્યારે ચકનાચૂર થઈ જશે તેની કોઈને જ ખબર નથી.





૮૯ ☼ ગુરુનું સાનિધ્ય

ન ગમતું બને ત્યારે ક્લેશ થાય છે, મનમાં ઉદ્વેગ થાય છે, અસ્વસ્થતા ને અસ્થિરતા જન્મે છે. તે દૂર કરવા ગુરુના સાનિધ્યમાં જવાનું છે.

પણ કેટલાક પોતાનું અહિત જોઈ શકતા નથી. પોતે માની લીધેલ ભલે તે દુઃખ હોય, વિનાશગર્તા હોય તોય તેમાં આનંદ માણે છે ને જીવનને વેડફી અંત પોતે લાવે છે.

માખી લીંટ પર બેસે છે, અને તેમા ચોંટીને પોતાનું જીવન સમાપ્ત કરી નાખે છે. વ્યક્તિ નહીં, પણ કામ આપણને અધોગતિએ લઈ જાય છે, અને કામમાં જીવ ફસી પડી જાય છે ને અટવાઈ જાય છે. કામનો રાગ ઓછો કરવા સ્ત્રીઓ અને પુરુષોએ એકબીજાનો સંસર્ગ જેમ બને તેમ ટાળવાનો છે. વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓ કામના રંગમાં લપટાઈ જતાં આગળ ભણી શકતા નથી. કામી માણસ પોતાની સ્ત્રીનો અને પોતાનાં બાળકોનો વિચાર કરી શકતો નથી. જે માણસ કામને લીંટ માને

અનાદિકાળના અભ્યાસને કારણે આત્મામાં દોષો, ગ્રંથિઓ, વૃત્તિઓ, નિર્બળતાઓ વગેરે હોય છે. અજ્ઞાન અને પ્રમાદના સ્થાને જ્ઞાનનો સંસ્કાર અને જાગૃતિ લાવી દૂર કરવાનું હોય છે. ભગવાનના નામસ્મરણથી અંતરને શુદ્ધ કરવું હોય છે. તપથી અંતરને વિશુદ્ધ બનાવવાનું હોય છે. ત્યાગ અને વૈરાગ્યથી તેને હળવું હોય છે.

જીવનમાં સુખ આવે કે દુઃખ, પ્રિયનો વિયોગ થાય કે અપ્રિયનો સંયોગ, સફળતા મળે કે નિષ્ફળતા, આવકાર મળે કે અપમાન — આ બધી જ પરિસ્થિતિમાં આત્મા વિચલિત ન બને, સુખમાં હરખાય નહિ અને દુઃખમાં રડે નહિ, બંને પરિસ્થિતિને પ્રસન્ન ચિત્તે વધાવે ત્યારે સમજવું કે હવે જીવન પરિપક્વ બન્યું છે. મુમુક્ષુ સાધકોએ તેમજ સફળતા ઇચ્છતા જીવોએ પણ પ્રયત્નપૂર્વક દરેક બાબતમાં જરૂરી પરિપક્વતા મેળવવી જોઈએ.





૯૦ ☼ વૈરાગ્ય

જિંદગીભર સંસારમાટે મહેનત કરીએ, તેની સેવા કરીએ, તો છેવટે થોડાં આંસુ મળે છે, તેના કરતાં પ્રભુની થોડી સેવા કરી હોય તો મોક્ષ પામે આવે છે. સ્થૂલિભદ્રને મંત્રીપદ સ્વીકારવા માટે કહેવામાં આવે છે, તો તેમણે કહ્યું : 'મારે તે કીચડમાં દટાઈ જવું નથી, પણ ત્યાગમાં તરી જવું છે, વૈરાગ્ય આવતાં જગત તૃણ સમાન લાગે છે. સંસારરૂપી અંગારાને ચુંબન કરવાથી બળતરા સિવાય શું મળે? સંસાર વિરકત માનવી ધ્યાન માથી જ તાકાત મેળવે છે. સ્થૂલિભદ્રે પરતંત્રતા જોઈને સંસારને છોડયો. છોડવું અને છોડી દેવું એ બન્ને ભિન્ન છે. મન ઊઠી જવું એ બીજી વાત છે. મન ઉઠયું ન હોય પણ છોડવું પડે તેમ છે, તેથી છોડી દીધું હોય તો તેથી કાંઈ સધાતું નથી.

રસોઈ બનાવતાં કંકાશ થાય ને આપણે ખાવાનું છોડી દીધું. ખાવાનું છોડવું ન હતું, પણ ક્રોધે ખાવાનું છોડાવ્યું. કોઈ સમજાવનાર મળે એટલે પાછું જમવાનું મન થઈ જાય છે. ગરીબી આવે, દુઃખ પડે ત્યારે મન

ભાગતા હોય છે અને આંખમાં ઉજાગરા હોય છે માનુની-ઓના ચિત્રિત રૂપો. અંતરની દશા તો આનાથીય કંઈક ઘણી ભિન્નભિન્ન હોય છે.

ધ્યાનથી આત્મનિરીક્ષણ કરનાર જોઈ શકશે કે પોતાની બધી જ વૃત્તિઓ અને શક્તિઓ રેતીના કણ જેવી વેરવિખેર છે. જીવનમાં ક્યાંય વિચાર, વાણી અને વર્તનની એકવાક્યતા નથી.

જીવનમાં સિદ્ધિ મેળવવા માટે આ બધી છૂટી છવાઈ શક્તિઓ અને ક્ષમતાને આત્મામાં–ધ્યેયમાં કેન્દ્રસ્થ કરવાની જરૂર છે. આંખને પણ આત્મા ભણી વાળો અને અંતરને પણ આત્મા તરફ વાળો. બધી જ છૂટી છવાઈ શક્તિઓને અધ્યાત્મમાં સ્થિર કરો. આમ સંગઠિત તાકાત અને સ્થિર મનથી જે વ્યક્તિ જીવનને અધ્યાત્મના રંગે રંગે છે તેને એક દિવસ અવશ્ય આત્માનો સાક્ષાત્કાર થાય છે.





૯૧ ☼ સત્સંગ

સત્સંગના સુવાસની ફોરમ સ્વને અને પરને સર્વને
સુવાસિત બનાવે છે. સંગનો રંગ ઘણો મોટો છે. એક
ભાઈ રોજ સંતની વાતો કરે ત્યારે એક નાસ્તિકને તે
વાત ન ગમી. પછી તે ભાઈએ એક દિવસ એક ડુંગળી
અને એક વાટકીમાં ઘી લાવવાનું નાસ્તિકને કહ્યું. પછી
ંગળી સમારી તો આંખમાંથી પાણી આવ્યું અને ઘીની
ાટકી સામે જોયું તો આંખમાં ઠંડક આવી. આમ તેણે
સમજાવ્યું કે સત્સંગ આત્માને શીતળતા આપે છે, જ્યારે
ર્જનનો સંગ આત્માને ઉતાપો આપે છે. સાધુ તો
ામાસું પૂરું થતાં વાદળમાંથી સૂર્ય ચાલ્યો જાય, તેમ
ાલ્યા જાય છે. તેથી સત્સંગનો લાભ મેળવનાર ઉદાસીન
ઈ જાય છે. તો તે માટે સંસારનો પ્રેમ ઓછો કરવા
વ-ગુરૂ અને ધર્મ પ્રત્યે આત્માને લગાડી દેવો. આ ત્રણે
ાત્માને શીતળતા, શાંતિ, સ્વસ્થતા ને પ્રસન્નતા આપે
અને આપણું ધ્યેય મોક્ષપ્રાપ્તિ છે, તેની વિચારણા
ાગ રાખે છે. સત્સંગી ગાળ દેનારની ઉપર દ્વેષ નથી

અજ્ઞાનથી આપણે માનીએ છીએ કે શરીર એ જીવ છે. પરંતુ શરીર જીવ નથી. જે જીવ છે, જે આત્મા છે તે શક્તિ જ છે. અને આ શક્તિ જે છે તે તેનાં મૂળ સ્વરૂપે પરમાત્મા છે.

આત્મામાં પરમાત્મા સ્થાપિત છે. વિવિધ કર્મોનાં આવરણો હેઠળ આત્મા ઢંકાઈ ગયો છે. તેનું અસલી રૂપ દૃષ્ટિગોચર નથી થતું.

જીવન મળ્યું છે તે આ અસલી સ્વરૂપને પામવા માટે. આથી શરીરને આત્મા ન માનો. શરીરની વૃત્તિઓ અને વ્યાપારને આત્માનાં સ્વભાવ ન સમજો.

વિવિધ કર્મોનાં આવરણોને હટાવો અને તમને આત્માના સત્ય, સૌન્દર્યના દર્શન થશે. તેનો, તમામ દુઃખો અને વેદનાઓને દૂર કરતો, એક અવર્ણનિય આનંદનો અનુભવ થશે.





૯૨ ❋ ત્યાગી–રાગી

ત્યાગમાં અને રાગમાં ઘણો જ ફરક છે. ત્યાગમાં છોડવાનું ગમે છે, ત્યાગી ભયરહિત બને છે. રાગમાં ભેગું કરવાનું ગમે છે, તે ભયથી ઘેરાયેલો હોય છે ત્યાગીની દૃષ્ટિ જ્ઞાન પ્રતિ છે. રાગી અજ્ઞાન અવસ્થામાં આથડે છે. ત્યાગથી આત્માની મસ્તીમાં લીન થવાય છે, અને તેની પાસેથી ભય ચાલ્યો જાય છે.

શંકરાચાર્યને કોઈએ પૂછ્યું : "દુનિયામાં ઈશ્વર કોણ ? અને તેની ઓળખ શી ?" જવાબ મળ્યો કે કંચન ને કામિનીથી જે વિરક્ત છે, તે ઈશ્વર છે, તેને જગત વિરક્ત લાગે છે. હૃદયમાંથી કામ નીકળી જતાં હૃદય પવિત્ર બની જાય છે.

ભયને દૂર કરવા માટે કામ અને કંચનને છોડવાના સી. આઈ. ડી. ચોરને પકડે છે, તેમ ચોર માલદારને પકડી પાડે છે. બાળક સાચું ને સારું બોલે છે એટલે આપણને તે વહાલું લાગે છે. ચોર ને માલદારના દિલમાં ભય છે, રાગ છે, એકઠું કરવાની લાલસા છે, તેથી તે

પરંતુ માત્ર [illegible] ત્યારે જ થાય છે કે જ્યારે માત્ર [illegible] [illegible]. [illegible] માત્ર [illegible] [illegible] દુઃખ થાય છે. [illegible] ગઈ છે.

વિવિધ [illegible] ધર્મનો અસલી માત્ર માનવતા છે. સંધ્યા કરો કે સામાયિક કરો, નમાજ પઢો કે પ્રાર્થના કરો એ બધાથી જીવનમાં માનવતાનો વિકાસ કરવાનો છે.

માનવતા એટલે મારો જેવો આત્મા છે તેવો જ આત્મા બીજામાં છે. મને સુખ પ્રિય છે; દુઃખ ગમતું નથી. તેમ બીજાને પણ સુખ પ્રિય છે અને દુઃખ ગમતું નથી. આથી—

હું એવી રીતે જીવું કે મારા જીવન વ્યવહારથી કોઈને પણ દુઃખ ન થાય અને સૌને સુખ–શાંતિ અને આનંદ મળે.

આવો આત્મભાવ, આવી માનવતા જે વિકસાવે છે તે ધર્મ છે. તેવો ધર્મ સૌએ આરાધવો જોઈએ.





૯૩ ☼ સુખદુઃખ

સુખ આવે સમતા રાખવી, દુઃખ આવે શાંતિ રાખવી. સુખની અંદર દુઃખ રહેલ છે. દુઃખમાંથી સુખ આવે તો આનંદ થાય છે. સુખ અને દુઃખમાં સમભાવ રાખવાનો છે. ગરીબીમાંથી અમીરી આવે ત્યારે સુખથી ફૂલાઈ જાય છે, અને અમીરીમાંથી ગરીબી આવે, ત્યારે માણસ આપઘાત કરવા તૈયાર થઈ જાય છે. કરેલાં કર્મ ભોગવવાનાં છે. તો જે દુઃખ આવે તેને શાંતિથી ભોગવવા તૈયારી કરવી.

ધર્મરાજા આનંદમાં બેઠા હતા. ત્યારે લોકો બહુ જ કીમતી ભેટો લઈને આવ્યા, ત્યારે શ્રીકૃષ્ણે એક નાની ચીંઠી આપી. તેમાં લખ્યું હતું : "આ દિવસો જવાના." લોકો કૃષ્ણની નિંદા કરવા લાગ્યા કે કૃષ્ણે આવડી નાનકડી ચીંઠી ભેટમાં શું જોઈને આપી !

પણ તે ચીંઠી જોતાં જ ધર્મરાજા ઊભા થઈ ગયા અને બોલ્યા કે 'સૌથી મોટામાં મોટી ભેટ આજે મને શ્રીકૃષ્ણે આપી. બીજાને આ પક્ષપાત લાગ્યો.